dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
August 2012 For private circulation only Vol. 04 - Issue 88

શિક્ષણની સમગ્ર વ્યવસ્થામાં શિક્ષક એ સૌથી વધુ મહત્વનું ચાલકબળ છે. એ જ અભ્યાસક્રમને અમલી બનાવનાર ચાલકબળ છે. એ જ વિદ્યાર્થીનો Role Model છે. શિક્ષણના સૂક્ષ્મ પરિમાણોને વિદ્યાર્થીઓમાં સંકલિત કરવા માટેનો એ એકમાત્ર Agent છે. માટે જ શિક્ષક નૈતિકમૂલ્યોના પુરસ્કર્તા તરીકે એનો critical ભાગ ભજવે છે. એ સમાજની અપેક્ષા છે.

ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

શિક્ષક દિવસ હવે આવશે પાંચમી સપ્ટેમ્બર પ્રતિવર્ષની જેમ આવશે અને જશે. શાળા-કોલેજોમાં એની જુદી જુદી રીતે ઊજવણી થશે. શિક્ષકના ગૌરવની વાતો થશે. આ અને આવા દિવસો અને ઉત્સવો પાછળનો મૂળ હેતુ આ નિમિત્તે થીજી ગયેલા મનજળને પુનઃ ગતિશીલ કરવાનો છે. રાષ્ટ્રને વધારે સંગીન અને મજબૂત બનાવવામાં શિક્ષણની અને શિક્ષણનો પ્રચાર-પ્રસાર કરનાર શિક્ષકની ભૂમિકા અત્યંત મહત્વની અને એથી જવાબદારી ભરેલી છે. શિક્ષકે વિદ્યાર્થીઓને કેવળ હોંશિયારી જ નથી આપવાની પરંતુ સાથે સાથે પ્રમાણિકતા, નીતિમત્તા પણ આપવાની છે. પોતાનો વિદ્યાર્થી અખંડ માનવ બને તેની કાળજી લેવાની છે. વિદ્યાર્થી વિવેકી બને, સંસ્કારી બને, જીવન પ્રત્યે એને રસ જાગે, પ્રેમનિષ્ઠા, સમાજનિષ્ઠા, રાષ્ટ્રનિષ્ઠા એના મનહૃદયમાં બળવત્તર બને, આવનારી સમસ્યાઓનો સામનો કરવા માટે સામનો કરવા માટે સામર્થ્યવાન બને, ભારતીય સંસ્કૃતિનો રક્ષક બને તથા ભૌતિક સમૃદ્ધિ અને આંતરસમૃદ્ધિ વચ્ચેનો ભેદ સ્પષ્ટપણે સમજતો થાય, અન્યને પણ સહાનુભૂતિપૂર્વક જોતો - સમજતો થાય એવી ભૂમિકા શિક્ષકે પૂરી પાડવાની છે. સમાજમાં આદરભર્યું સ્થાન મેળવવા માટે કે મેળવેલા આદરને ટકાવવા માટે શિક્ષકે પલાંઠી વાળીને શિક્ષણના યજ્ઞ પાસે તપવું પડે. શિક્ષક પોતે ગુણવાન હોય, શીલવાન હોય, નિપૂણ હોય, વિદ્યાવાન હોય અને સૌથી અગત્યનું તે પ્રેમાળ હોય તે જરૂરી છે. જે દિવસે શિક્ષકની વૃત્તિમાં પવિત્રતા આવશે તે દિવસે વિદ્યાલયને દેવાલયનો દરજ્જો પ્રાપ્ત થશે અને જે દિવસે વિદ્યાલયને દેવાલયનો દરજ્જો પ્રાપ્ત થશે તે દિવસે શિક્ષકનું કલ્યાણ થશે અને તેના દ્વારા સમગ્ર માનવજાતનું પણ કલ્યાણ થશે એવી મારી અંગત માન્યતા છે. દેવાલયમાં પ્રવેશતી વેળાએ માણસના હૃદયમાં જે ભાવ પ્રગટે છે તેવો ભાવ વિદ્યાલયમાં પ્રવેશતી વેળાએ શિક્ષક ધારણ કરે તો સમાજ એના પગ ચૂમશે. પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટે વર્ગખંડ જેવી વધુ પવિત્ર બીજી કોઈ જગ્યા નથી. બાકી વાર-તહેવાર, વ્રત-ઉપવાસ, માળા-તિલક કેવળ કર્મકાંડ છે. મનને જગાડીએ અને જાગેલા મનને વર્ગ ખંડમાં લગાડીએ એ સમયની, સમાજની ઉગ્ર માંગ છે. એ માંગ પૂરી પાડવામાં વિલંબ કરવા જેવો નથી. મોરારિબાપુના આ શબ્દો ચિત્તની પાટી પર લખી અન્ડર લાઈન કરવા જેવા છે. તેઓ 'સાચો શિક્ષકધર્મ' નામના લેખમાં લખે છે : "શિક્ષણ અને ધર્મની આગળ 'સાચો' એવું વિશેષણ લગાડવું પડે એ બહુ મોટું દુર્ભાગ્ય છે. ખરેખર તો શિક્ષકનો ધર્મ સાચો જ હોવો જોઈએ. સંત માટે 'સાચા સંત' કે 'પવિત્ર સંત' લખવું એ સંતનું અપમાન છે છતાં સાંપ્રત સમયમાં આવા વિશેષણ જરૂરી બન્યા છે, જુના જમાનામાં ઘી આગળ 'શુદ્ધ' એવું લખવાની જરૂર નહોતી કારણ એ સમયમાં જે ઘી મળતું એ શુદ્ધ અને દેશી જ હતું પણ જયારથી વેજીટેબલ ઘી બજારમાં આવ્યું ત્યારથી શુદ્ધ અને દેશી જેવા વિશેષણો જરૂરી બની ગયા. કદાચ આવા કોઈ કારણથી શિક્ષક અને ધર્મની આગળ 'સાચો' શબ્દ મૂકવો પડે એ સમયની માગ અથવા કળિયુગનું પ્રમાણ હશે."

શ્રી ર.છો. પરીખના આ વિચારો પણ વિચારવા જેવા છે :

"શિક્ષકદિને શિક્ષક થોડીક પોતાની સમીક્ષા કરે એ જરૂરનું નથી ? સમાજ એને માટે ફંડ-ફાળા ઉઘરાવે, ભલે ઉઘરાવે. સમાજ શિક્ષક પ્રત્યે પોતાનું કર્તવ્ય આ રીતે કંઈક કરે તે સમાજના હિતમાં છે, પણ શિક્ષક એમ ન વિચારે કે સમાજની એની પ્રતિષ્ઠા કેમ નબળી પડી ગઈ છે ? એ દીન બની સ્વમાન વિનાનો માસ્તર થઈ કેમ ફર્યા કરે છે ? પોતાના વ્યવસાયનું એને કંઈ ગૌરવ છે ? શિક્ષક ધર્મ શિક્ષક પોતે ઠીક રીતે પાળે છે ? શિક્ષકે આજે શિક્ષકદિને એ વિચાર કરવો જોઈએ કે 'શિષ્યને કૃતાર્થ કર્યા વિના એનું ધન લેવું નહિ' અને 'શિષ્યનો દોષ શિક્ષકને માથે આવે છે' એ પરંપરામાં પોતે કયાં અને કેટલો છે ? એ જવાબદારી વિના એ પ્રતિષ્ઠા મળે ? આ વિશે 'સ્વ'ની સમીક્ષા શિક્ષક પોતે કરે તો એમાં એને લાભ છે."

શિક્ષક દિવસ નિમિત્તે સમજણનો એક નાનકડો દીવો આપણે ન પ્રગટાવી શકીએ ?!

૩૧ ઓગષ્ટ, ૨૦૧૨

ડો. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## નર્મદ જયંતી




(કવિ નર્મદની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરતા કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર)

તા. ૨૪-૨-૧૨ના રોજ વીર કવિ નર્મદની ૧૭૯મી જન્મ જયંતી પ્રસંગે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના અધ્યક્ષસ્થાને કવિ, નાટયકાર, વિવેચક અને નવલકથાકાર ડૉ. ચીનુ મોદીનું 'કવિ નર્મદ અને હું'' વિષય ઉપર વિચારપ્રેરક વ્યાખ્યાન યોજાઈ ગયું. જન્મ જયંતીની ઊજવણી પ્રસંગે કવિ નર્મદ પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે નાગપુરના મુકુલ કાનિટકર, વિવિધ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, અધિકારીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી કપિલદેવ શુકલે કર્યું હતું.



(કવિ ડૉ. ચિનુ મોદીનું અભિવાદન કરતા કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર)



(કવિ ડૉ. ચિનુ મોદી)



(કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર)



(ઉપસ્થિત મહેમાનશ્રીઓ)

## M.Phil. Admission Notification

The Veer Narmad South Gujarat University invites application in prescribed form for the 'Entrance Test' of M. Phil. Programme in the Faculties of Arts, Science, Commerce, Management, Education, Computer Science and Rural Studies. The Application forms will be accepted on or before 15/09/2012 at 4:00 pm during working hours at the Postgraduate Section (Room No.-121) Forms are available at Account Section of the University, against the payment of Rs.200/- only by cash or through DD in favour of "Registrar Veer Narmad South Gujarat University" or a form can also be downloaded from the web site of the University, which can be submitted along with a DD of Rs.200/-.
P.S. – For eligibility and relevant details, log on to University web site: www.vnsgu.ac.in

**SUBJECT** : Aquatic Biology, Biosciences, Chemistry, Commerce/Accountancy, Comparative Literature, Computer Science, Economics, Education, English, Gujarati, Hindi, History, HRD, Management, Mathematics, Microbiology, Physics, Psychology, Public Administration/Political Science, Rural Studies, Sanskrit, Sociology, Journalism & Mass Communication, Statistics, Library Science.

## Ph.D. Entrance Notification

The Veer Narmad South Gujarat University invites application in prescribed form for the 'Entrance Test' of Ph.D. Programme in the Faculties of Arts, Science, Commerce, Management,

Medicine, Law and Education. The Application forms will be accepted on or before 15/09/2012 by 4:00 pm during working hours at the Postgraduate Section (Room No.-121) The Entrance Examination is scheduled on 30th September, 2012 at Veer Narmad South Gujarat University Campus, Udhna Magdalla Road, Surat. Forms are available at Account Section of the University, against the payment of Rs.1000/- only by cash or through DD in favour of "Registrar Veer Narmad South Gujarat University" or a form can also be downloaded from the web site of the University, which can be submitted along with a DD of Rs.1000/-. Those candidates who have been exempted from the Ph.D. eligibility test are also required to fill up the application form along with the payment of Rs.1000/- only by cash or through DD.

For eligibility and relevant details, log on to University web site: www.vnsgu.ac.in

**SUBJECT :** Aquatic Biology, Bio Science, Chemistry, Commerce / Accountancy, Comparative Literature, Computer Science, Economics, Education, English, Gujarati, Hindi, History, Human Resource Development, Management, Mathematics, Physics, Sanskrit, Statistics, Microbiology, Law, General Medicine, Microbiology (Medicine), T. B. & Cheast, Pathology, Community Medicine, Library & Information Science, Mass Communication & Journalism, Public Administration.

## પીએચ.ડી.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના તુલનાત્મક સાહિત્ય વિભાગમાં ગેસ્ટ ફેકલ્ટી તરીકેની ફરજ બજાવતા પ્રા. મનિષ પટેલે "ભારતીય નવલકથાઓમાં સ્ત્રી-પુરુષ સંબંધ : એક તુલનાત્મક અભ્યાસ : પ્રિયજન, ન હન્યતે, શાસ્તિ, ચિત્તિરપાવૈ અને ચેમ્મીન જેવી વિશેષ કૃતિઓના સંદર્ભે" વિષય પર મહાશોધ નિબંધ રજૂ કર્યો હતો. જેને યુનિવર્સિટીએ માન્ય ગણી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. એમણે પ્રસ્તુત શોધકાર્ય તુલનાત્મક સાહિત્ય વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. દમયંતી પરમારના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું હતું.

## M.Phill.

A list of Dissertations accepted by Veer Narmad South Gujarat University, Surat during July 2012.

**COMMERCE**

1 Mane Mohankumar N., A Comparative Study of Production Functions of Sugar Cane & Sugar of Sugar Factory (In case of Gandevi & Chalthan sugar factories). (Dr. N.C. Shah), S.B. Garda College of Arts & P.K. Patel College of Commerce, Navsari.

**MATHEMATICS**

1 Surawala Jaimikaben R., Similarity Solutions of Some Fluid Flow Problems. (Dr. M.G. Timol), Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat)

# કોલેજ ન્યૂઝ

## સપ્તધારા રંગકલા કૌશલ્ય ધારા



ચિત્રકલા સ્પર્ધા - કોલેજના સપ્તધારા અંતર્ગત રંગકલા કૌશલ્ય ધારા અન્વયે તા. ૨૭-૭-૧૨ના રોજ શીઘ્ર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના ઉદ્દઘાટન સમારંભમાં અતિથિવિશેષ તરીકે ટ્રસ્ટી શ્રી અતુલભાઈ શાહ હાજર રહયા હતા. સમારંભની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટય સાથે આચાર્ય ડૉ. પી.એમ. પટેલના આશીર્વચનો સાથે કન્વીનર શ્રી કૌશિકભાઈ નાયક, સ્ટાફ સભ્યો તથા સ્પર્ધકોની હાજરીમાં થઈ હતી. આ સ્પર્ધામાં ૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. નિર્ણાયકો તરીકે શ્રી દીપકભાઈ એમ. દેસાઈ, નિવૃત્ત ચિત્ર શિક્ષક, મહિલા વિદ્યાભવન હાઈસ્કુલ, નવસારી તથા શ્રી નરેશભાઈ પટેલ, ચિત્રશિક્ષક, સંસ્કારભારતી હાઈસ્કુલ, નવસારીએ સેવા આપી હતી. આ સ્પર્ધામાં નીચેના વિદ્યાર્થીઓ વિજેતા ઘોષિત થયા હતા. પ્રથમ-રાઠોડ મિતાલીબેન આર. (એસ.વાય.બી.એ.), દ્વિતિય-ગામિત મયુરી આર. (એસ.વાય.બી.એ.), તૃતિય-પટેલ પ્રીતિ સી. (એફ.વાય.બી.એ.), આશ્વાસન ઈનામ-રાઠોડ ડિનાલીબેન એ. (એફ.વાય.બી.એ.), આશ્વાસન ઈનામ-મકવાણા નિરાલી બી. (એસ.વાય.બી.એ.) સમગ્ર સ્પર્ધાનું આયોજન રંગકલા કૌશલ્ય ધારાના અધ્યક્ષ શ્રીમતી નીલમબેન જે. મહેતાના મર્ગદર્શન હેઠળ શ્રીમતી જયશ્રીબેન બી. પટેલ અને શ્રીમતી વર્ષાબેન ડી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સમગ્ર સંચાલન ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થિની કુ. દિક્ષિતા પટેલ અને આભારવિધિ કુ. કરિશ્મા સુપારે એ કરી હતી.

કોલેજમાં સપ્તધારા અંતર્ગત રંગકલા કૌશલ્ય ધારા અન્વયે તા. ૨૮-૭-૧૨ના રોજ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૪૯ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. નિર્ણાયકો તરીકે શ્રી દીપકભાઈ એમ. દેસાઈ, નિવૃત્ત ચિત્ર શિક્ષક, મહિલા વિદ્યાભવન હાઈસ્કુલ, નવસારી તથા શ્રીમતી ઉર્વીબેન એસ. પાંચાલ, મહિલા વિદ્યાભવન હાઈસ્કુલ, નવસારી એ સેવા આપી હતી. આ સ્પર્ધામાં નીચેની વિદ્યાર્થિનીઓ વિજયી ઘોષિત થઈ હતી. પ્રથમ-ખલીફા ફૈઝા એ. (એસ.વાય.બી.એ.), દ્વિતિય-પાંચાલ કિશ્ના બી. (ટી.વાય.બી.કોમ.), તૃતિય-મકવાણા નિરાલી બી. (એસ.વાય.બી.એ.), આશ્વાસન ઈનામ-ગોહિલ નીતા એમ. (એફ.વાય.બી.કોમ.), આશ્વાસન ઈનામ-કટારિયા મોનિકા એસ. (એસ.વાય.બી.કોમ.). સમગ્ર સ્પર્ધાનું આયોજન રંગકલા કૌશલ્ય ધારાના અધ્યક્ષ શ્રીમતી જયશ્રીબેન બી. પટેલ અને શ્રીમતી વર્ષાબેન ડી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધા દરમ્યાન આચાર્યશ્રી ડૉ. પી.કે. પટેલ, કન્વીનર શ્રી કે.એ. નાયક અને અન્ય પ્રાધ્યાપક મિત્રોએ હાજર રહી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો.

## આરોગ્ય

કવિ વીર નર્મદની જન્મજયંતિ નિમિત્તે તા. ૨૪-૦૮-૧૨ના રોજ શિક્ષણ ભારતી કોલેજ એજયુકેશન, સુરતમાં યોજાયેલ રકતદાન શિબિરમાં ખુશ્બુ પટેલ, સુરતી શિરીષ, ચૌહાણ ચેતન, સચીન મિશ્રા ગ્રુપે, ગ્રુપ અને આ.પ્રો. અમર પટેલે પણ રકતદાન કર્યું હતું. આ સામાજિક પ્રવૃત્તિમાં આ.પ્રો. ભાવિના દેસાઈ અને આ.પ્રો. કેતકી પંડયાએ તાલીમાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

તા. ૧૫-૮-૧૨ના રોજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડમાં એન.એસ.એસ., એન.સી.સી. નહેરૂ યુવાકેન્દ્ર સીવીલ હોસ્પિટલ અને સપ્તધારા ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. આ તબકકે મંડળના સભ્યો, વિદ્યાર્થીમિત્રો, સ્ટાફગણ હાજર રહયા હતા. સ્વાગત પ્રવચન આચાર્યશ્રી ઈશ્વરભાઈ પટેલે કર્યું હતું. નેહરૂ યુવા કેન્દ્રના કો.ઓર્ડિનેટરશ્રી મનિષાબેને વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. મંડળના ઉપપ્રમુખશ્રી બળવંતભાઈ આર. પટેલે પ્રવચન આપ્યું હતું. પ્રા. જે.એમ. રાણાએ આભારવિધિ કરી હતી. બ્લડ ડોનરને પ્રોત્સાહિત કરવા પરેશભાઈ મોદી, સલીમ મલિક, તેજસભાઈ પટેલ અને નહેરૂ યુવા કેન્દ્રે સુરતે પ્રોત્સાહનો પૂરા પડયા હતા.

## સ્પર્ધા



શ્રી પી.એચ. ઉમરાવ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કીમમાં એરટેલ કંપની દ્વારા તા. ૭-૮-૧૨ ના રોજ યુવા જાગૃતિ માટે કીમ ટાઉન સાયકલ રનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૪૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સાયકલીંગમાં ભાઈઓ માટે ૨૫ કિ.મી. અને બહેનો માટે ૧૨ કિ.મી.નું અંતર રાખેલું હતું. આ સ્પર્ધાને સફળ બનાવવામાં કોલેજ પરિવારે કાર્ય કર્યું હતું. અને કીમ એજયુકેશન સોસાયટી અને કોલેજ પરિવારે એરટેલ કંપનીનો પણ આભાર માન્યો હતો.

શ્રી રંગ મહાવિદ્યાલય, બીલીમોરામાં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે પ્રથમ ભાગમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મંત્રીશ્રી દિલીપભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી નટુભાઈ કેવટ તથા કેમ્પસ ડાયરેકટરશ્રી ડૉ. પિછોલીયા હાજર રહયા હતા. પ્રમુખશ્રી દિલીપભાઈ પટેલના હસ્તે ધ્વજ ફરકાવાયો હતો. તેમણે નાનુ છતાં ભાવિ શિક્ષકોને પ્રેરે એવું ઉદ્‌બોધન પણ કર્યું હતું. તાલીમાર્થીઓએ પરેડ દ્વારા કાર્યક્રમને વધુ સમૃદ્ધ બનાવ્યો હતો. સ્વાતંત્ર્ય દિન નિમિત્તે બીજા ભાગમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી તાલીમાર્થીઓએ તૈયાર કરેલા કાર્યક્રમ દ્વારા રંગેચંગે થઈ હતી. જેમાં તાલીમાર્થીઓએ વ્યકિતગત ગીતો, સમૂહગીતો, ઉદ્‌બોધન તથા ૧૯૪૭ની આઝાદીની ક્ષણોને પુન:જીવિત કરતું અને રાષ્ટ્રધ્વજના ઈતિહાસને વ્યકત કરતું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું. મહેમાન તરીકે શ્રી જયંતભાઈ મહેતા અને કેમ્પસ ડાયરેકટરશ્રી ડૉ. પિછોલીયા ઉપસ્થિત રહયા હતા. અંતે સંસ્થાના અધ્યાપક ડૉ. મનસુખભાઈ પટેલનું તથા ડૉ. પિછોલીયાનું પ્રાસંગિક ઉદ્‌બોધન રજુ થયું હતું. ડૉ. કિશોરભાઈ નાયક દ્વારા આશીર્વચનો અને ભાવિ શિક્ષકો માટે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીની ઉપયોગિતા સ્પષ્ટ કરવામાં આવી હતી. આભારવિધિ ડૉ. વિનયભાઈ પટેલે કરી હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી રચના તથા રોશની દ્વારા થયું હતું.

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં યોજાયેલ વર્ષાગીત સ્પર્ધામાં પ્રથમ-કલ્પેશ પટેલ, દ્વિતીય-ટિવંકલ પટેલ, તૃતીય-જાસ્મીન પટેલ વિજેતા રહયા હતા. આ પ્રસંગે ઈ.આ. કુ. બિન્નીબેન મહેતા તથા પ્રાધ્યાપકગણ ઉપસ્થિત રહયા હતા. સ્પર્ધાનું આયોજન પ્રા. વૃંદનાબેન સુરતીએ અને સંચાલન તાલીમાર્થીની સુનીતા નાથ અને ધર્મિષ્ઠા પરમારે કર્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. સંજયભાઈ પટેલ અને પ્રા. ભરતભાઈ ઈચ્છાપોરીયાએ સેવા આપી હતી. નર્મદ જયંતી પ્રસંગે યોજાયેલ નિબંધલેખન તથા નર્મદના કાવ્યોની કાવ્યપઠન સ્પર્ધા યોજાઈ હતી. નિબંધલેખન સ્પર્ધામાં પ્રથમ-મિત્તલ જોશી તથા કાવ્યપઠન સ્પર્ધામાં પ્રથમ-યોગિતા ચૌધરી અને દ્વિતીય-સુનીતા નાથ વિજેતા રહયા હતા. જન્માષ્ટમી નિમિત્તે યોજાયેલ કૃષ્ણ ભજન સ્પર્ધામાં પ્રથમ-જાસ્મીન પટેલ, દ્વિતીય-પૂજા ઠાકોર, તૃતીય-સંજુ શર્મા વિજેતા રહયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. વૃંદાબેન સુરતી તથા પ્રા. જાગૃતિબેન પટેલે સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી ભાવેશ પટેલ તથા રાજેન્દ્ર પટેલે કર્યું હતું. આ પ્રસંગે ઈ.આ. બિન્નીબેન મહેતા, અધ્યાપકગણ અને વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. અલુણા વ્રત નિમિત્તે યોજાયેલ મહેંદી સ્પર્ધામાં પ્રથમ-સુમૈયા આર. શેખ, દ્વિતીય-અફસાના ખલીફા, તૃતિય-સુમિત્રા કે. રાઠોડ, આરતી શણગાર સ્પર્ધામાં પ્રથમ-અલ્પા એમ. રાણા, દ્વિતીય-વિભૂતિ એચ. સોલંકી, તૃતય-રશ્મિતા એમ. પટેલ તથા ભાવેશ કે. પટેલ તથા બુકે સ્પર્ધામાં પ્રથમ-ઉર્વીબેન એમ. પટેલ, દ્વીતીય-જીગીશા કે. પટેલ વિજેતા રહયા હતા.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં નહેરૂ યુવા કેન્દ્ર ભરૂચના સહયોગથી દેશભકિત ગીત તથા વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. વકતૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ આઝાદ ભારતની પરિકલ્પના, ભ્રષ્ટાચારને દૂર કરવામાં શિક્ષકની ભૂમિકા વગેરે વિષયો પર વિચારો રજૂ કર્યા હતા. વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ-મોઢ નરસિંહભાઈ, બીજો-ગામીત રીનાબેન અને તૃતીય-દાહોદવાલા ફાતેમાબેન રહયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શાસ્ત્રી સ્વામી જયસ્વરૂપ દાસજી અને આચાર્યશ્રી કૃણાલભાઈ પંચાલ રહયા હતા. દેશભકિત સ્પર્ધામાં પ્રથમ-મોદી સન્ની, બીજા-અંબેકર રાજશ્રી અને તૃતીય-પટેલ હેમાલી રહયા હતા. વિજતાઓને નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા શ્રી કિરણભાઈ પટેલના હસ્તે ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં સાંસ્કૃતિક કાર્યક્રમના અધ્યક્ષ જીજ્ઞાશાબેન ચાવડાએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં તા. ૨૦-૭-૧૨ના રોજ ઈન્ટર કોલેજ મહેંદી સ્પર્ધા યોજાઈ ગઈ. "આયા સાવન ઝૂમકે" "બરખા રાની જરા ઝૂમકે બરસો" તથા "મહેંદી રંગ લાગ્યો" ને લઈને સપ્તધારા અંતર્ગત યોજાયેલ આ મહેંદી સ્પર્ધાના ત્રણ પ્રકારો રાખવામાં આવ્યા હતા. જેમાં (૧) ટ્રેડિશનલ (૨) અરેબિક (૩) જવેલરી મહેંદી સ્પર્ધા. આચાર્યા ડૉ. પૂર્ણિમાબેન જરીવાલા તથા ઉપાચાર્યશ્રી ડી.જે. વસાવડાના હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. આચાર્યા ડૉ. પૂર્ણિમાબેન જરીવાલાએ સૌને ભાવભીનો આવકાર આપીને સૌને શુભકામના પાઠવી હતી. શ્રી વસાવડાએ સૌ સ્પર્ધકોને શુભકામના પાઠવી હતી. વિવિધ કોલેજમાંથી ૨૫૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે, સર કે.પી. કોલેજ ઓફ કોમર્સના પ્રા. શ્રીમતી એસ.પી. દેસાઈ તથા ડી.આર.બી. ભરથાણા કોલેજના પ્રા. શ્રીમતી મયુરી કે. દેસાઈએ સેવા આપી હતી.

વિજેતા બહેનોને ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી ડૉ. પૂર્ણિમાબેન જરીવાલાના શુભહસ્તે ટ્રોફીઓ તથા સર્ટિફીકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના પરિણામો નીચે પ્રમાણે છે. ઈન્ટર કોલેજ ઈન્સ્ટન્ટ કવીઝ વિનર : વિહંગી સંજયકુમાર (કે.પી. કોમર્સ કોલેજ, સુરત) મહેંદી સ્પર્ધા : પ્રથમ-કુ. ભૂમિકા મહેતા (વાડિયા વિમેન્સ કોલેજ, સુરત), દ્વિતીય-કુ. બોનિશા પિપવાલા (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), તૃતીય-કુ. મિત્તલ પીપળીયા (ઉધના સિટિઝન કોલેજ, સુરત), આશ્વાસન ઈનામ-કુ. શીવાની પીપળિયા (અમરોલી કોલેજ, સુરત). અરેબિક મહેંદી સ્પર્ધા - પ્રથમ-ડિમ્પી ઘડુક (અમરોલી કોલેજ, સુરત), દ્વિતીય-કુ. ધ્વનિ બારડોલીવાલા (રામક્રિષ્ણા કોલેજ, સુરત), તૃતીય-દિપીકા ગામીત (એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત), આશ્વાસન ઈનામ-સોની જહાં શેખ (અખંડ આનંદ કોલેજ, સુરત). જવેલરી મહેંદી સ્પર્ધા - પ્રથમ-રિધ્ધી કાપડીયા (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), દ્વિતીય-આશા વનાળીયા (અખંડ આનંદ કોલેજ, સુરત), તૃતીય-શ્રેયા પટેલ (ઉધના સીટીઝન કોલેજ, સુરત), આશ્વાસન ઈનામ-મોનિકા ગોટી (જે.ડી. ગાબાણી કોલેજ, સુરત). ઈન્ટર કોલેજ ઈન્સ્ટન્ટ કવીઝ વિનર-વિહંગી સંજયકીમાર (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત). સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતના વિજેતાઓ : (૧) ટ્રેડીશનલ મહેંદી સ્પર્ધા - પ્રથમ-કુ. બોનિષા પીપવાલા, દ્વિતીય - કુ. ફેની ઘીવાલા, કુ. ઈસરત શેખ, તૃતીય-કુ. અંકિતા ગરબાવાલા, કુ. અંજલી મંદિરવાલા, આશ્વાસન-કુ. શિવાની પટેલ, કુ. પારુલ રાઠોડ. (૨) અરેબીક મહેંદી સ્પર્ધા : પ્રથમ-કુ. વૈષ્ણવી જરીવાલા, દ્વિતીય-કુ. દિક્ષિતા માસ્તક, કુ. હેતલ પટેલ, તૃતીય-કુ. જિજ્ઞાસા ચારણીયા, આશ્વાસન-કુ. ભાવના બારોટ. (૩) જવેલરી મહેંદી સ્પર્ધા : પ્રથમ-કુ. રિધ્ધી કાપડીયા, દ્વિતીય-કુ. ક્રિષ્ણા સોલંકી, તૃતીય-કુ. નિલમ સાંધાણી, આશ્વાસન-કુ. સચી નાયક.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આયોજિત આંતર કોલેજ સ્વીમીંગ સ્પર્ધા પારડી કોલેજના સહયોગથી અતુલ કલબમાં યોજવામાં આવી હતી જેમાં કુલ ૧૯ કોલેજોના ૭૦ થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં નવયુગ કોમર્સ કોલેજ સતત બીજા વર્ષે કુલ ૯૯ પોઈન્ટ પ્રાપ્ત કરી ચેમ્પીયનશીપ મેળવી હતી. આ સ્પર્ધામાં દક્ષેશ રેતીવાળા, નીરવ ભગત, આદિલ ચૌહાણ અને શુકલ ભગતે વ્યકિતગત સ્પર્ધામાં પણ દરેક રાઉન્ડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું .

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૩૦-૭-૧૨ના રોજ પ્રિ.શ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ ગીતસંગીત નૃત્યધારા હેઠળ વર્ષાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુ. ફાલ્ગુની પટેલ-પ્રથમ, શ્રી જેસલ ભટ્ટ અને કુ. કિનલ ભંડારી-દ્વિતીય તથા કુ. શૈલી ઉપાધ્યાય અને કુ. પ્રિયંકા સોનટકે-તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયકો તરીકે શ્રી નવીનભાઈ પેટલ, સંગીત વિશારદ અને સીવીલ એન્જિનર તથા કુ. દર્શના ભાવસારે સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. દક્ષા ઠાકરે કર્યું હતું. તદ્પરાંત તા. ૩-૮-૧૨ના રોજ આર્ટ્સ-કોમર્સ કોલેજ, અમરોલી ખાતે યોજાયેલ યુનિવર્સિટી કક્ષાની આંતર કોલેજ પ્રાર્થના સભામાં વિદ્યાર્થિની હર્ષિદા નિકમ પ્રથમ ક્રમે રહીને રૂા. ૪૦૧ રોકડ પુરસ્કાર, શીલ્ડ તથા પ્રમાણપત્ર મેળવ્યું હતું.

## એન.એસ.એસ.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના એન.એસ.એસ. વિભાગ દ્વારા સામાજિક વનીકરણ વિભાગ ધરમપુરના સહયોગથી સાતસો ઉપરાંત નિ:શુલ્ક રોપાઓ પ્રાપ્ત કરી તીસ્કરી-તલાટ પ્રાથમિક શાળાના પરિસરમાં ચારસો પચાસ જેટલા ખાડાઓ ખોદી વૃક્ષારોપણ કર્યું હતું. આ ઉપરાંત પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. કે.સી. પટેલે વૃક્ષારોપણનું મહત્વ સમજાવી વૃક્ષ ઉછેર માટે શપથ લેવડાવ્યા હતા. પ્રા. આર. આર. પટેલે વિદ્યાર્થીઓની શિસ્તને બિરદાવી દરેક વિદ્યાર્થીઓને એક છોડ ઘરે રોપવા માટે આપનાર છે તેના ઉછેર માટે શિખામણ આપી હતી. કુલ પંચાવન વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ બાદ શાળાના ચારસો ઉપરાંત બાળકોને વૃક્ષોના મહત્વ સમજાવતા સૂત્રો વાળા બેજ પહેરાવ્યા હતા. અને સૂત્રોચ્ચાર દ્વારા પર્યાવરણ જાળવણી માટેનો માહોલ ઉભો કર્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન પ્રાથમિક શાળાના આચાર્યશ્રી કપિલભાઈ, સ્ટાફ, પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. ટી.જી. પટેલ, પ્રા. આર.આર. પટેલ અને પ્રા. કે.સી. પટેલે દોરવણી આપી હતી. સમગ્ર કાર્યક્રમ માટે પ્રિ. ડૉ. જે.એમ. નાયક દ્વારા પ્રરેણા અને માર્ગદર્શન પૂરા પાડવામાં આવ્યા હતા.

## વિમોચન

કોલેજ ઓફ એજયુકેશન, ખરોડ તેના પ્રારંભકાળથી જ વાર્ષિક મુખપત્ર 'ઉત્કર્ષ' પ્રગટ કરે છે, 'ઉત્કર્ષ'ના વર્ષ ૨૦૧૧-૧૨ના એકવીસમાં અંકનો વિમોચનવિધિ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલસચિવશ્રી જે.આર. મહેતાના અધ્યક્ષપદે તથા ગુજરાતના શિક્ષણવિદ્ તરીકે ખ્યાત એમિટી સંકુલ, ભરૂચના સંચાલકશ્રી રણછોડભાઈ શાહના અતિથિવિશેષ પદે યોજાઈ ગયો. આચાર્યશ્રી ડૉ. પ્રફુલસિંહ રાજે સંસ્થાનો ઈતિહાસ રજૂ કરી, સ્વાગત પ્રવચન કર્યું હતું તથા મહેમાનોને આવકાર્યા હતા. પ્રાધ્યાપક ડૉ. જયંતભાઈ શાહ તથા ડૉ. ઈન્તેખાબ અનસારીએ મહેમાનોનો પરિચય આપ્યો હતો. શ્રી રણછોડભાઈ શાહે સમાજને નિષ્ઠાવંત શિક્ષકોની જરૂર છે એ બાબત પર ભાર મૂકયો હતો તથા શિક્ષક કેવો હોવો જોઈએ એના વિશે સુંદર ઉદાહરણો દ્વારા ધારદાર રજૂઆત કરી હતી. વાર્ષિક મુખપત્ર ઉત્કર્ષના વિમોચન બાદ અધ્યક્ષપદેથી શ્રી જે.આર. મહેતાએ ભારતીય સાંસ્કૃતિક અને સામાજીક વારસાનું મહત્વ પ્રસ્થાપિત કરી તેમાં શિક્ષકની ભૂમિકા શી હોઈ શકે એ વિશે મનનીય વિચારો રજૂ કર્યું હતું. એમણે નોંધ્યુ હતું કે સમગ્ર વિશ્વમાં "શાંતિ" નો ખ્યાલ અનેપ્રાપ્તિ માત્ર ભારતમાં જ થઈ શકે. ઉચ્ચ શિક્ષણની દશા અને દિશા સ્ત્રી સશકિતકરણ, પર્યાવરણીય પરિસ્થિતિ, તથા તાલીમી કોલેજનું કર્તતૃત્વ જેવી બાબતોને વણી લઈને પ્રેરણદાયી વિચારો પ્રગટ કર્યા હતા. એમણે એક મુસ્લીમ ટ્રસ્ટ દ્વારા સંચાલિત કોલેજમાં અનુભવેલી સર્વધર્મ સમભાવ અને બિનસાંપ્રદાયિકતાના ભાવાવરણની મુકત મને પ્રશંસા કરી હતી. આ પ્રસંગે ટ્રસ્ટના મંત્રીશ્રી મહંમદભાઈ ભૈયાત અને અન્ય ટ્રસ્ટીશ્રીઓ તથા મહેમાનો ઉપસ્થિત રહયા હતા. આભારવિધિ પ્રા. પારૂલબેન ટંડેલે કરી હતી. જયારે કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી કિરણબેન વણકરે કર્યું હતું.

## વૃક્ષારોપણ

શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલ ખાતે તા. ર૦-૭-૧૨ના રોજ કોલેજ પરિવાર અને બી.આર.એસ. કોલેજ તથા પી.ટી.સી. કોલેજ દ્વારા વિવિધ પ્રકારના ર૫૦ જેટલા વૃક્ષોને રોપવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

તા. ૧૬-૮-૧૨ના રોજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડમાં એન.એસ.એસ., એન.સી.સી. નહેરૂયુવા કેન્દ્ર સુરત, લાયન્સ કલબ, સુરત અને દિવ્યભાસ્કરના છત્રપતિ શિવાજી હાઈસ્કુલ, ઉંઘના ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આશરે ૪૦૦ રોપાઓ રોપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં પ્રદીપ સીરસાડ, ડૉ. મુકેશ જગીવાલા, અજીતભાઈ પારેખ, એમ.એચ. પાટીલ, મીલીન સાડુકે, ભરતભાઈ ચૌધરી, કુનાલ લીમ્બાચિયા, એન.એસ.એસ. પ્રા.ઓ. એન.સી.સી. ઓફિસરો, પ્રાધ્યાપકો જોડાયા હતા. પ્રિ. આઈ.એમ. પટેલે વૃક્ષ રોપી શુભારંભ કર્યો હતો.

## પ્રવેશોત્સવ

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા ખાતે એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય મહેમાન તરીકે શ્રી નટુભાઈ કેવડ, સભ્યશ્રી બીલીમોરા વિભાગ કેળવણી મંડળ તેમજ અતિથિ વિશેષ તરીકે પ્રા. એસ.એન. પટેલ અને કેમ્પસ ડાયરેકટરશ્રી પિછોલીયા હાજર રહયા હતા. આચાર્યા પ્રિ. ડૉ. ભારતીબેન પંચોલીએ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું અને સ્વાગત પ્રવચન આપ્યું હતું. પ્રા. જે.જી. ભાવસારે કોલેજ શિક્ષણ, ઈતર પ્રવૃતિ તેમજ કોલેજ સંચાલન વિશે માહિતી આપી હતી. વયમર્યાદાના કારણે નિવૃત થયેલ કોલેજના પ્રા. એસ.એન. પટેલનું નિવૃતી સન્માન શ્રી નટુભાઈ કેવટે શાલ ઓઢાડીને કર્યું હતું. પ્રા. જય વશીએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. નરેન્દ્રભાઈ સોલંકીએ કર્યું હતું.

## સેમિનાર

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના આચાર્ય ડૉ. જયંતિભાઈ એમ. નાયકે કોલેજ ઓફ એજયુકેશન, સંગમનેર (મહારાષ્ટ્ર) ખાતે ઈનોવેટીવ પ્રેકટીસીસ ઈન ટીચર એજયુકેશન વિષય સંબંધિત સેમિનારમાં PREPARATION FOR TEACHER EDUCATION-SOME INNOVATIVE PRACTICES વિષય પર પેપર રજૂ કર્યું હતું. તદ્પરાંત ૧૬-૭- થી ૨૦-૭-૧૨ દરમ્યાન રોટરી કલબ ઓફ બલસારના સહયોગથી યોજાયેલ પર્સનાલિટી ડેવલપમેન્ટ સેમિનારમાં રોટે. અક્ષયભાઈ વકીલે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. દક્ષા ઠાકરે કર્યું હતું. તદ્પરાંત જે.સી. વલસાડના સહયોગથી તા. ૨૮/૨૯-૭-૧૨ના રોજ કોલેજકાળ પછી ઉભી થતી સમસ્યાઓનો સામનો કેવી રીતે કરી શકાય તેવી બાબતોથી કોલેજના વિદ્યાર્થીઓને માહિતિસભર બનાવવાના ઉમદા હેતુથી આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ બે દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી દિપેશ શાહે 'થીંક ધ અપોઝીટ' શ્રી ધર્મેશ દેસાઈ સીનીયર મેનેજર ઓફ અતુલ લિ. એ 'ગોલ સેટિંગ', શ્રી પરેશ પટેલ આચાર્ય, સવાની હાઈસ્કુલ, સુરતને 'ચેલેન્જીસ બીયોન્ડ કોલેજ લાઈફ' જેસીસ મીતા શેઠ ઈન્સ્યોરન્સ કન્સલ્ટન્ટ, વડોદરાએ 'લીડરશીપ ડેવલોપમેન્ટ', શ્રી પ્રિતેશ પટેલ - ટ્રેઈનર, સ્માર્ટ કલાસીસે 'હાવ ટુ ફેસ એન ઈન્ટરવ્યુ' તથા શ્રી જીજ્ઞેશ પટેલ, પ્રેસીડન્ટ ઓફ જેસીસે 'ટીમ બીલ્ડીંગ' વિષયો ઉપર વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને ટ્રેનિંગ આપી હતી. સેમિનાર અંગેની કામગીરી પ્રા. દક્ષા ઠાકોરે સંભાળી હતી.

## વ્યાખ્યાન

બી.પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયૂટ, નવસારી ખાતે સપ્તધારા અને જ્ઞાનધારા અંતર્ગત તા. ૨૭-૭- થી ૨૮-૭-૧૨ દરમ્યાન જ્ઞાન સપ્તાહ યોજાઈ ગયું. જેમાં પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરતના પ્રિ. ડૉ. પૃથુલ દેસાઈનું "ગોડ પાર્ટિકલ", સંસ્થાના પૂર્વ કાર્યકારી આચાર્ય ડૉ. એચ.એફ. મોગલનું "અન્ડરસ્ટેન્ડીંગ ઓફ માઈક્રોબાયોલોજી", નિવૃત્ત પ્રોફે. કે.કે. દેસાઈનું "સ્પેકટ્રો ફોટોમેટ્રી" અને નિવૃત્ત પ્રોફે. ડૉ. મીનું પરબીયાનું "ઔષધીય વનસ્પતિઓ" વિષય ઉપર વ્યાખ્યાનો યોજાઈ ગયા. જેમાં ખૂબ જ રસપ્રદ માહિતીઓ પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમોમાં પ્રિ. ડૉ. દીનાબેન ચાંપાનેરી, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો હાજર રહયા હતા.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં પી.એસ.આઈ. શ્રી કે.કે. નકુમે સ્ત્રી જાગૃતિ અને માનવ વેપાર વિષય પર રસપ્રદ અને માહિતી સભર વ્યાખ્યાનમાં સ્ત્રી જાગૃતિ માટેના વિવિધ પાસાંઓની ઊંડાણ પૂર્વક ચર્ચા કરી હતી. તાલીમાર્થીઓ સાથે આંતર વ્યવહાર કરતાં કરતાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનનો ઉપયોગ કરીને એમણે સહુને આ સંવેદનશીલ મુદ્દા પર વિચાર કરતા કરી દીધા હતા. આ ઉપરાંત માનવ વેપાર શી રીતે થાય છે, તેની સાંકળ શી રીતે રચાય છે, કોણ ભોગ બને છે અને આ બધા અંગે જાગૃતિ કેવી રીતે લાવી શકાય તેની છણાવટ કરી હતી. આ સમારંભમાં પ્રમુખસ્થાન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી નૌસીરભાઈ બધનીએ શોભાવ્યું હતું. ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી નટુભાઈ કેવટ, અને કેમ્પસ ડાયરેકટરશ્રી ડૉ. પિછોલિયાની ઉપસ્થિતિ પણ ઉત્સાહવર્ધક હતી. સંસ્થાના આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે કાર્યક્રમનો દોર સાંભળતા વકતાનો પરિચય અને અંતમાં શ્રી નકુમ સાહેબને આવા જાગૃતિ વધારવાના કાર્યક્રમ કરવા માટે અભિનંદન પાઠવી આભાર વ્યકત કર્યો હતો.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમં જ્ઞાનધારા અંતર્ગત પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સમક્ષ વાંસદાની શાળાના શિક્ષિકા નીતાબેન પુરોહિતનું 'ગોલ સેટીંગ' વિષય પર વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. નીતાબેન પુરોહિતે વિદ્યાર્થીઓને સંબોધન કરતાં વિષયને અનુરૂપ જીવનમાં શા માટે ગોલ નકકી કરવો જોઈએ ? ગોલ કેવો હોવો જોઈએ ? વિષે વિશદ્ છણાવટ કરીને ગોલ સેટીંગના પાંચ સોનેરી નિયમો વિષે સમજાવ્યું હતું.

ઉમરાખની શ્રીમતી પી.એન. પટેલ કોલેજ ઓફ એજયુકેશનમાં તા. ૨૪-૮-૧૨ના રોજ વીર નર્મદની જન્મ જયંતિ શ્રી રમણભાઈ પાઠકના નર્મદ અંગેના વકતવ્ય દ્વારા ઉજવાઈ હતી. તેમણે નર્મદે જીવનભર સમાજના કુરિવાજોને પોતાના આચરણ દ્વારા દૂર કરી કરેલ સમાજસુધારણા, સાહિત્ય સર્જન, નીડરતાને વર્ણવતુ વકતવ્ય રજૂ કર્યું. પ્રિ. આનંદભાઈ ભટ્ટે સ્વાગત તથા પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. પ્રા. ડૉ. પ્રમોદભાઈ પટેલે સ્મૃતિ ભેટ અર્પણ કરી હતી. આભારવિધિ પ્રા. અંકુર જોષીએ તથા સંચાલન પ્રા. ડૉ. સંજય ભગતવાલાએ કર્યું.

## સ્વામી વિવેકાનંદ

એમ.કે. ઈન્સ્ટિટયુટ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ (બીસીએ કોલેજ), ભરૂચ ખાતે ૧૭-૮-૧૨ના રોજ સ્વામી વિવેકાનંદ કેન્દ્ર દ્વારા "વિજય હી વિજય" યુવા પ્રતિયોગીતાનું આયોજન વિવેકાનંદની ૧૫૦મી વર્ષની ઉજવણી ઉપક્રમે "Ignited mind of youth" અંતર્ગત કરવામાં આવેલ.

## પ્રકાશન

**નવોન્મેષ**. (વર્ષ ૪૬, અંક : ૩૯) ૨૦૧૧-૧૨. નવયુગ આર્ટ્સ કોલેજ (મોરારજી દેસાઈ શૈક્ષણિક સંકુલ), સુરત. સંપાદક મંડળ : પ્રા. ડૉ. સાધના પટેલ અને પ્રા. હિના દેસાઈ

## વર્કશોપ

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના આઠ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ તા. ૧૦ થી ૧૨ ઓગષ્ટ, ૨૦૧૨ દરમ્યાન શ્રીમદ્ રાચંદ્ર આશ્રમ, ધરમપુર ખાતે યોજાયેલ કેરીઅર ગાઈડન્સ વર્કશોપમાં ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓએ સ્પર્ધાત્મક પરીક્ષાઓ, કારકિર્દી માર્ગદર્શન, વેદિક ગણિતની ઉપયોગિતા, અંગ્રેજી ભાષા, મૂલ્યનિષ્ઠ શિક્ષણ, સામાન્ય જ્ઞાન, ઓનલાઈન પરીક્ષાની સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રિ. ડૉ. જે.એમ. નાયક, શ્રી એમ.એમ. મુલ્લા હાજર રહયા હતા.

## ઉજવણી

- શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૪-૮-૧૨ના રોજ "સંસ્કૃત દિન" ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મંગલાચરણ, સંસ્કૃત ભાષાનું મહત્વ દર્શાવતું વકતવ્ય, શ્લોકગાન, શૌર્ય ગાન રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન સુનિલભાઈ વ્યાસે કર્યું હતું તથા સંસ્કૃત વિષયનું વ્યવહારિક મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમમાં ઈ.આચાર્યશ્રી ડૉ. ભાવેશભાઈ રાવલ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. તા. ૯-૮-૧૨ના રોજ 'જન્માષ્ટમી' મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. મહોત્સવમાં પ્રશિક્ષણાર્થીઓ દ્વારા શ્રી કૃષ્ણની ધૂન, ભજન તથા કૃષ્ણ-રાધાનો રાસ રજૂ થયો હતો. કાર્યક્રમમાં તાલીમાર્થીઓ તથા કોલેજ પરિવાર ગરબા-રાસ તેમજ મટકી ફોડમાં સહભાગી થયા હતા. તા. ૧૫-૮-૧૨ના રોજ "સ્વાતંત્ર્યદિન" નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ અખંડ આનંદ કોલેજ, સુરતના શ્રી કિરીટસિંહ વાંસદિયાના વરદ હસ્તે થયો. કાર્યક્રમમાં મહેમાન તરીકે ટ્રસ્ટીશ્રી નાનાલાજી શાહ તથા શ્રી નિરજભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા. શ્રી કિરીટસિંહ વાંસદિયાએ ભારતીય સંસ્કૃતિની શ્રેષ્ઠતા અને શહીદીની વાતો દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન રજૂ કર્યું હતું. ત્યારબાદ તમામ પ્રશિક્ષણાર્થીઓને ૮ જૂથમાં વિભાજિત કરી દેશભકિત આધારિત કૃતિઓની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ - 'જનસેવા પ્રભુસેવા ગ્રુપ' નાટક (જૂથ નેતા : મિસ્ત્રી પિનલ), દ્વિતીય - 'રંગીલો ઢોલના ગ્રુપ' નૃત્ય(જૂથ નેતા : રાઠોડ હંસા) અને તૃતીય - 'ઈન્ડિયન એન્જલ ગ્રુપ' નૃત્ય(જૂથ નેતા : રાવ ભાવિની) વિજેના રહયા હતા. કાર્યક્રમમાં ઈ.ચા. પ્રધાનાચાર્ય ડૉ. ભાવેશભાઈ રાવલે ઉદ્‌બોધન કર્યું હતું.
- સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ઈ.ચા. આચાર્યશ્રી પંચાલ કૃણાલભાઈ, અધ્યાપકગણ, તાલીમાર્થી ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહયા હતા. કૃષ્ણની બાળલીલાના ભજનો ઉપરાંત "રાધા ઢૂંઢ રહી કિસીને મેરા શ્યામ દેખા", "મોરલી કનૈયાની મોરલી", "ઘમ્મર ઘમ્મર વલોણુ" જેવા અને શ્રી કૃષ્ણ ભગવાનના જીવનચરિત્ર્યનું વર્ણન અને રાસલીલાનું મહત્વ દર્શાવતા ભજનો તાલીમાર્થી ભાઈઓ અને બહેનોએ રજુ કર્યા હતા. ત્યારબાદ કોલેજના પ્રાંગણમાં રાસની રમઝટ બોલાવી હતી અને અંતે મટકી ફોડનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટીશ્રી સ્વામી જયસ્વરૂપ શાસ્ત્રી અને આચાર્યશ્રી કૃણાલભાઈ પંચાલે શ્રી કૃષ્ણનું પારણું ઝુલાવી કૃષ્ણજન્મોત્સવને વધાવ્યો હતો. સૌ તાલીમાર્થીઓએ "નંદ ઘેર આનંદ ભયો"ના નાદ સાથે કૃષ્ણજન્મોત્સવને આનંદ અને ઉત્સાહથી મનાવ્યો હતો.
- શ્રી સરસ્વતી હિન્દી મહાવિદ્યાલય, સુરતના વિદ્યાર્થીઓએ દ્વારા જન્માષ્ટમી પર્વ નિમિત્તે "હાંડી ફોડી" દ્વારા જન્માષ્ટમી તહેવારની હર્ષોઉલ્લસથી ઉજવણી કરી હતી.
- વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં જન્માષ્ટમી નિમિત્તે ભજન સ્પર્ધા અને મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈ.આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે ગોકુળ અષ્ટમી સંદર્ભે રજૂઆત કરી તથા શ્રવણનું ભજન સંગીતના તાલમય સાથે સાથે રજુ કર્યું અને દરેક તાલીમાર્થીને માતા-પિતાની સેવા કરવા માટેનું સૂચન કર્યું. અધ્યાપકમિત્રોએ પણ ભજનની રજૂઆત કરી હતી. આ સ્પર્ધામાં પ્રથમ-ચપટવાલા ચૈતાલી, દ્વિતીય-કુમારી પુર્ણિમા અને તૃતીય-પટેલ મિતલે પ્રાપ્ત કર્યો હતો. નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. પારૂલબેન નાયક અને પ્રા. તેજલબેન રાણાએ સેવા આપી. ઉદ્‌ઘોષક તરીકે તાલીમાર્થી ધ્વની શુકલ અને માર્ટીના પવારે સેવા આપી હતી.
- તા. ૯-૮-૧૨ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલ ખાતે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓએ જન્માષ્ટમીના દિનનું મહત્વ સમજાવ્યું હતું. તેમજ વસાવા ભારજીભાઈ દ્વારા વાંસળી વગાડવામાં આવી હતી. અને "નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી"ના નાદ સાથે મટકી ફોડીને કૃષ્ણના ભજન ગાયા હતા.
- શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં નર્મદ જયંતિ નિમિત્તે 'ગુજરાતી દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રા. જાગૃતિબેન પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતી પધ્ધતિના તાલીમાર્થીઓએ ગુજરાતી લેકગીત, નાટક, એકપાત્રીય અભિનય, ભજન જેવી કૃતિઓ દ્વારા ગુજરાતી ભાષાના સંવર્ધનનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે ટ્રસ્ટશ્રી એન.એસ. પંડયા, રમણભાઈ પંડયા તથા જયંતિભાઈ પંડયાએ એકસૂરે માતૃભાષા ગુજરાતીનું જતા કરવા હાંકલ કરી હતી. કાર્યક્રમનું સંચાલન ટંડેલ રચયિતા તથા પટેલ જાસ્મિન દ્વારા કરવામાં આવ્યું હતું. તદ્‌પરાંત ગુરૂપૂર્ણિમાની ઉજવણી પ્રસંગે તાલીમાર્થીઓએ 'ગુરુદેવો ભવ'ની ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી કૃતિઓ ભજન, ગુરુવંદના, દોહા, નાટક, ગીતની રજૂઆત કરી હતી. આ પ્રસંગે આચાર્યશ્રી તથા પ્રાધ્યાપકોએ તાલીમાર્થીઓને આશિષ આપ્યા હતા. સંચાલન તન્વી પરમેશ્વરવાળાએ કરી.
- શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં વીર કવિ નર્મદની જન્મજયંતિની ઉજવણી વાદ્ સમિતિના ઉપક્રમે તા. ૨૩-૮-૧૨ના રોજ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજના નિવૃત થયેલા ગુજરાતી વિભાગના વડા પ્રા. રમેશભાઈ ટી. માલીનું વીર નર્મદના જીવનચરિત્ર, સાહિત્ય તેમજ સમાજ સુધારણા ક્ષેત્રે પ્રદાન વિષય ઉપર પ્રવચનનું આયોજન થયું હતું કાર્યક્રમની શરૂઆતમાં પ્રિ. ડૉ. જે.એમ. નાયકે આપણી યુનિવર્સિટી સાથે વીર નર્મદનું નામ જોડાયું તે અંગે વિસ્તૃત સમજ આપી હતી.

## ધ્વજવંદન

સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક, મેડીસીન અને હોસ્પિટલ, સુરતમાં ૧૫ મી ઓગષ્ટના રોજ યોજાયેલ કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેન ડૉ. દશરથભાઈ પચ્ચીગરે હાથે ધ્વજવંદન કર્યું. આ પ્રસંગે ડૉ. દશરથભાઈ પચ્ચીગર તથા આચાર્ય ડૉ. સૂચેતાબેન પંડીત દ્વારા પ્રવચન કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિત ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. આ દિવસે કલાસ ડેકોરેશન સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં એસ.વાય.નો કલાસ પ્રથમ તથા એફ.વાય.નો કલાસ દ્વિતીય આવ્યો હતો. કાર્યક્રમમાં સંસ્થાના સેક્રેટરી શ્રી સમીરભાઈ પચ્ચીગરે હાજર રહી ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમનું આયોજન કલ્ચરલ હેડ ડૉ. રૂપલબેન ચૂડાવાલા દ્વારા કરાયું હતું. આભારવિધી એડમીનીસ્ટ્રેશન હેડ ડૉ. વિપુલ શાસ્ત્રી દ્વારા કરવામાં આવી હતી.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**ભારતની આવતીકાલ : નવી સદી માટેના ખ્યાલો.**
લે. નંદન નીલેકાણી. અનુવાદક : મનસુખ કાકડિયા.
અમદાવાદ : નવભારત સાહિત્ય મંદિર, ૨૦૧૧. પૃ. ૫૩૫. રૂા. ૩૯૯

આ ગ્રંથના લેખન નંદન નિલેકાણી યુનિક આઈડેન્ટિફિકેશન ઓફ ઈન્ડિયાના- જેનું લક્ષ્ય ભારતના સઘળા નિવાસીઓને એક અનન્ય ઓળખ નંબર પૂરા પાડવાનું છે - કેબિનેટ મંત્રીની સમકક્ષ એવા ચેરમેનના પદ પર છે. એશિયા બિઝનેસ લીડર્સ એવોર્ડ (૨૦૦૪)માં તેમને કોર્પોરેટ સીટીઝન તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા. ૨૦૦૫માં અર્થતંત્ર, અર્થતંત્રીય સેવાઓ અને રાજકારણમાં નવસંશોધિત સેવાઓ બદલ તેમણે પ્રતિષ્ઠિત જોસેફ શુમ્પિટર પુરસ્કાર પ્રાપ્ત કર્યો હતો. તદ્‌પરાંત ૨૦૦૬માં તેમને ભારતના સર્વોચ્ચતમ પુરસ્કારોમાંના એક એવા પદમભૂષણ વડે સન્માનિત કરવામાં આવ્યા હતા. ૨૦૦૬માં ફોર્બસ એશિયા વડે તેમને વરસના બિઝનેસમેન તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા. ટાઈમ સામયિકે ૨૦૦૬ અને ૨૦૦૯ ની જગતના સૌથી વધારે પ્રભાવશાળી ૧૦૦ માણસોની જે યાદીઓ તૈયાર કરી હતી તેમાં તેમનું નામ સામેલ કર્યું હતું. અને ઈન્ફોસીસના સહસ્થાપક છે.

આ ગ્રંથના છેલ્લા પૃષ્ઠ ઉપર ટાઈમના થોમસ એલ. ફ્રાઈડમેન દર્શાવે છે કે, "એવું તે શું નીલેકણીમાં કે તેઓ અનન્ય છે ? મને જો પૂછો તો હું એક જ વાકય કહીશ : તેઓ અત્યંત કુશળ સમજાવનારા છે. તેઓની આંતરદ્રષ્ટિ કે વિશ્વનું આ મેદાન ટેકનોલોજીના કારણે સપાટ બની ગયું છે - તે વાતે મને "ધ વર્લ્ડ ઈઝ ફલેટ" નામનું પુસ્તક લખવાની પ્રેરણા આપી હતી. આ વધતા જ જતાં ગૂંચવાડાઓ ભરેલા યુગમાં - જયાં વધુ ને વધુ લોકો, સિસ્ટમ્સ અને પ્રોડકટો - જે બધી ગ્લોબલ નેટવર્કમાં એકબીજા સાથે સંકળાયેલી છે - તેમાં સંડોવાયેલા છે - ત્યારે સમજાવવું." એ જબરદસ્ત કિંમતી આવડત ગણવામાં આવે છે અને એ વાતને બરાબર સમજવી હોય તો તમે તેઓની ઓફિસની બહાર એક આખો દિવસ બેસી જોજો - પછી તમને જાણ થશે કે તેમને મળવા આવનાર અડધા જેટલા લોકો તેમના કર્મચારીઓ હશે જેઓ તેમની પાસેથી દોરવણી માંગવા આવ્યા હોય છે અથવા ગ્રાહકો હશે જેઓ સોદો કરવા આવ્યા હોય છે; જયારે બાકીના અડધા લોકો રાજકારણીઓ, પત્રકારો અને મંત્રીઓ હોય છે જેઓ દુનિયાભરના દેશોમાંથી આવ્યા હોય છે, જેઓ આ બધું શું ચાલી રહયું છે તેની સમજણ મેળવવા માંગતા હોય છે."

આપણા દેશની ગણતરી 'સુપર પાવર' તરીકે થઈ રહી છે. આપણા દેશના એક કુશળ અને ક્રિયાશીલ વ્યકિતએ આધુનિક ભારતના નિર્માણ માટેના મુખ્ય વિચારને તપાસીને આ ગ્રંથમાં પ્રસ્તુત કર્યો છે. લેખકનું કહેવું છે કે, "આપણા દેશનો ભવિષ્યનો આધાર ફકત આર્થિક વિકાસ પર જ અવલંબિત નથી પરંતુ મૂળભૂત આધાર આપણા જાહેરજીવન સાથે સંકળાયેલ દરેક વર્ગના લોકોમાં પરિવર્તન લાવવા ઉપર અવલંબે છે."

આ ગ્રંથમાં પ્રાકકથન : અકસ્માતે બનેલા ઉધોગસાહસિકની નોંધો તથા ભાગ-૧" નવી કલ્પનાનું ભારત" માં નવા ખ્યાલોનું આગમન, ભારત, ભારતીયોની નજરે, નકારથી આવકાર ભણી : ભારતમાં ઉધોગ સાહસિકતા, રાખમાંથી ફરીફરી બેઠી થતી ભાષા : અંગ્રેજી ભાષાનું ઉત્થાન, પતન અને ઉત્થાન, માનવભક્ષકમાંથી માનવસહાયક, ઘર અને દુનિયા, આપણા પ્રજાતંત્રનું ગહન થવું, એક બેચેન દેશ, ભાગ-૨" પ્રસ્થાન માટે તૈયાર" ગતિશીલ ખ્યાલો, શ શાળાઓનો શ : ભારતના વર્ગખંડોના પડકારો, આપણા બદલાતા ચહેરાઓ : શહેરી ભારત, ઘર ભણીની લાંબી વાટો, ભૂંસાતી ભેદરેખાઓ, આપણું ઊભરતું એકલ બજાર, સમયસીમાઓને આગળ ખસેડવી, ભાગ :૩, "શબ્દોની અથડામણ"માં ખ્યાલોની લડાઈ, શારબકોર અને ધાંધલધમાલ : આપણી સામેના મુખ્ય પડકારો, નોકરીઓ માટેની પડાપડી, રેતીની સંસ્થાઓ : આપણાં વિશ્વવિધાલય, એક બારીક સમતોલન, ભાગ:૪ " દેખાય છે તેના કરતાંયે વધારે નજીક"માં ભાવિ અપેક્ષા રાખવા જેવા ખ્યાલો, ભારતમાં આઈસીટી : બેંગલોર એકથી દેશ એક, બદલાતા : રોગચાળાઓ : ભૂખથી હૃદયરોગ સુધી, આપણી સામાજિક અસલામતીઓ, વૃક્ષો માટે વન : ભારતના પર્યાવરણીય પડકારો, ઊર્જાના ખેલો : આપણા ઊર્જા-ઉકેલોનો શોધમાં, નેટવર્ક અસર તથા ઉપસંહાર, નોંધો, ચાવીરૂપ પ્રસંગોની સમયરેખા અને આભારદર્શન સમાવેશ પામે છે.

આ ગ્રંથમાં શિક્ષણને સ્પર્શતા પ્રકરણ "શ શાળાનો શ : ભારતના વર્ગખંડોના પડકારો"માં લેખક જણાવે છે કે, "એક તરફ સારી કેળવણી માટેની માંગ એક નવી ઉંચાઈને આંબી ગઈ છે તો બીજી તરફ આપણી નિષ્ફળ જતી શાળાઓએ અને અરધેથી શાળાઓ છોડી જતાં વિધાર્થીઓના નિરાશાજનક દરે કયારનુંયે આપણને આઘાત આપવાનું બંધ કરી દીધું છે. આપણી શાળાઓ હવે આપણી સમક્ષ એક પ્રકારની કટોકટી રજૂ કરે છે જયાં આપણે આપણને ખબર પણ ન પડે તે રીતે ચૂપચાપ એવી પરિસ્થિતિમાં મુકાઈ જઈએ છીએ કે જયાંથી પાછા વળવાનું શકય નથી રહેતું." તદપરાંત "રેતીની સંસ્થાઓ : આપણાં વિશ્વવિધાલયો"માં યુનિવર્સિટીઓના મહાપતનનો ચિતાર પ્રસ્તુત કરતાં લેખક જણાવે છે કે "વિશ્વવિધાલયો માટેનું દિવસે દિવસે પાતળું અને પાતળું થતું જઈ રહેલું અંદાજપત્ર પગાર ચૂકવવાના ખર્ચથી વધારે કોઈ ખર્ચને ભાગ્યે જ પહોંચી વળતું હતું, અને નવાં આંતરમાળખાંએ, અભ્યાસક્રમોનાં પુનઃ અવલોકનો અને સંશોધનકાર્ય એક કોરે રહી જતા હતા." વધુમાં લેખક જણાવે છે કે "અધતન સંશોધનકાર્ય માત્ર નાણાસહાયને જ નથી આકર્ષતું, પરંતુ તે તેની સાથે નવા ખ્યાલોને પ્રોત્સાહન આપે છે, અને શૈક્ષણિક માહોલને નર્યા વિરલ સિધ્ધાંતોમાં ગૂંગળાઈ જતો અટકાવે છે." લેખક પ્રશ્નો પૂછી રહયા છે કે : વૈશ્વિક સત્તા બની ગયેલ ભારત કઈ રીતે શરૂઆતના વિકાસના મોડેલો વખતે કરેલી ભૂલોને દૂર કરી શકશે ? શું ભારત મુકત બજારની નીતિને આગળ ધપાવીને તેણે કરેલા અદભૂત વિકાસને વેગ આપી શકશે ? અને આ વિકાસ દેશના યુવાનો ઉપર શું અસર કરશે અને કેવું સ્વરૂપ ધારણ કરશે ? ભારતના ભવિષ્ય વિષે લેખક કહે છે કે "સાચેસાચી લોકશાહીથી સામાજિક સુરક્ષા, જાહેર આરોગ્ય અને ખમતીધર ઊર્જાની સાચવણી અને અપાણા રાજકીય એજન્ડાને પાર પાડીને જ ભારતના ભવિષ્યને સાચવી શકાશે."

ડૉ. બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : Dr. B J Ankuya, Assistant Librarian
Published by : J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com